## PANCHAYATS, RURAL HOUSING AND RURAL DEVELOPMENT DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar, 18 December, 1998.

GUJARAT PANCHAYATS ACT, 1993.

No. - KP/123/98/PRR/1194/546/9--135/D : In exercise of the powers conferred by section 227 read with section 274 of the Gujarat Panchayats Act, 1993 (Guj. 18 of 1993) and in supersession of all the rules made in this behalf except things done or omitted to be done before such supersession, the Government of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Hamal (Panchayat Service), Class III namely :—

Scanned by CamScanner

1. These rules may be called the Hamal (Class IV) (Panchayat Service) Recruitment Rules, 1998.

2. Appointment to the post of Hamal (Class IV) (Panchayat Service), shall be made by direct selection.

3. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall—

(a) not be less than 18 years and not more than 25 years of age ;

(b) have good physique ;

(c) have adequate knowledge of Gujarati and Hindi.

4. A selected candidate shall be required to pass the an examination in Gujarati or Hindi or both as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

K. M. ADHVARYU,
Under Secretary to Government.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૮.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/૧૨૩/૯૮/પીઆરઆર/૧૧૯૪/૫૪૬/૯-૧૩૫-ડી.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ સાથે વાંચતા, કલમ ૨૨૭થી મળેલી સત્તાની રુએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, આવી રીતે રદ થતાં પહેલાં કરેલ અથવા ન કરેલ કોઈપણ કૃત્ય સિવાય, ગુજરાત સરકાર, આથી હમાલ (પંચાયત સેવા) વર્ગ-૪ની જગા ઉપર ભરતીનું નિયમન કરવાની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો હમાલ (વર્ગ-૪) (પંચાયત સેવા) ભરતી નિયમો, ૧૯૯૮ કહેવાશે.

૨. હમાલ (વર્ગ ૪) (પંચાયત સેવા)ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર—

(ક) ૧૮ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ;

(ખ) સારો શારીરિક બાંધો ધરાવતો હોવો જોઈએ;

(ગ) ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૪. પસંદ થયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. અધ્વર્યુ,
સરકારના ઉપસચિવ.

---

Scanned by CamScanner